# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

E-Mail :- regi@ngu.ac.in Phone :- 02766 237000 Website :- ngu.ac.in


પરિપત્ર નં.– ૧૦૭ / ૨૦૨૧.

**વિષય :– કોવિડ–૧૯ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાર્થીઓના રસીકરણ અંગે.....**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ યુનિવર્સિટી સંલગ્ન પી.જી. કેન્દ્રો તેમજ વિભાગોના અધ્યક્ષશ્રીઓ / સંયોજકશ્રીઓને જણાવવાનું કે, તમામ વિદ્યાર્થીઓને કોરોના વાયરસના સંક્રમણથી રક્ષણ મળી રહે તે હેતુસર આ યુનિવર્સિટીની તારીખ : ૨૫/૦૪/૨૦૨૧ ની કારોબારી સમિતીની સભાના ઠરાવ નં.–૨ થી ઠરાવ્યાનુસાર દરેક વિદ્યાર્થીઓએ ડોક્ટરની સલાહ લઈને ફરજીયાતપણે રસીકરણ કરાવવા આથી જણાવવામાં આવે છે. આ રસીકરણ માટે https://selfregistration.cowin.gov.in વેબસાઈટ પર ૧૮ વર્ષથી વધુ વયના તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. રસીકરણ કરાવ્યાનું પ્રમાણપત્ર પ્રવેશ મેળવતી વખતે પ્રવેશ ફોર્મ સાથે સામેલ રાખવાનું રહેશે.

આ ઉપરાંત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પ્રવેશમાં પ્રવેશના મેરીટ ઉપર ૧૦૦ % થી વધે નહી તે રીતે ખાસ કિસ્સામાં મેળવેલા ટકાના ૨ % નો મેરીટ ઉમેરો કરી લાભ આપવામાં આવશે. કોઈ વિદ્યાર્થીને ડોક્ટર દ્વારા કોઈપણ તબીબી કારણોસર રસી લેવાની ના પાડેલ હોય તેવા વિદ્યાર્થીઓને ડોક્ટરનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી રસીકરણમાંથી મુક્તિ આપવી. આ લાભ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૨ ના પ્રવેશ માટે રહેશે. કોલેજોના આચાર્યશ્રીઓએ તેમજ વિભાગોના અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓએ આપની કોલેજના/વિભાગના દરેક વિદ્યાર્થી સુધી આ વિગત પહોંચાડવી તેમજ રસીકરણ સંપૂર્ણ આપની કોલેજ/ભવનના વિદ્યાર્થીઓની થાય તેવી કાર્યવાહી કરવી.

કા.કુલસચિવ

નં.– એકે /જનરલ/ ૪૩૫ / ૨૦૨૧.
તારીખ : ૨૯ / ૦૪ / ૨૦૨૧.

પ્રતિ,

૧. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ.
૨. આ યુનિવર્સિટી સંલગ્ન વિભાગોના અધ્યક્ષશ્રીઓ / સંયોજકશ્રીઓ.

<u>નકલ સાદર રવાના ઘટતી કાર્યવાહી સારૂ :–</u>

૧. યુનિવર્સિટીની તમામ વહીવટી શાખાના વડાશ્રીઓ.
૨. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા શાખા, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી, પાટણ.
૩. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી, પાટણ.
૪. નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
૫. ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.–વડાલી, જી– સાબરકાંઠા, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ.
૬. મહેકમ શાખા, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી, પાટણ (પરિપત્રની ફાઈલ અર્થે)
૭. સ્ટેટેસ્ટીકલ સેલ – તમામ કોલેજો / ભવનોના અધ્યક્ષશ્રીઓને E-Mail કરવા સારૂ.
૮. કોમ્પ્યુટર સેન્ટર – યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવા સારૂ.
૯. પૂછપરછ કાઉન્ટર, વહીવટી કાર્યાલય, હેમ. ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ.
૧૦. સંબંધિત ફાઈલે

C:/Word File/Vijay & Mukund/PARIPATRA.docx